Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER P. NO. 156

श्री

પુ. ૧૯ મું. સં. ૧૯૬૦

# જૈનધર્મ પ્રકાશ

અંક ૧૧ મો. માહ.

उपजाति.

धार्यः प्रबोधो हृदि पुण्यदानं, शीलं सदांमीकरणीयमेव ।
तप्यं तपो भावनयैव कार्या, जिनेंद्रपूजा गुरुभक्तिरुपमः ॥

प्रगट कर्त्ता.

## श्री जैनधर्म प्रसारक सभा.

ભાવનગર

अनुक्रमणिका


| | | |
|---|---|---|
| ૧ | દેવતત્વાષ્ટક. | ૨૪૧ |
| ૨ | જીર્ણ પુસ્તકોદ્ધાર. | ૨૪૨ |
| ૩ | પ્રબોધ. | ૨૪૮ |
| ૪ | માનપત્ર માટે જાહેર મેળાવડો. | ૨૫૪ |
| ૫ | વર્ત્તમાન ચર્ચા. | ૨૫૯ |
| ૬ | વર્તમાન સમાચાર. | ૨૬૨ |


અમદાવાદ.
"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ"માં
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યું
વીર સંવત ૨૪૨૫ શાકે ૧૮૨૫ સને ૧૯૦૪
વાર્ષિક મૂલ્ય રૂ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોપાનિયું રખડતું મુકીને આશાતના કરવી નહી.

## विनंती पत्र.

सर्व संवेगी मुनीराज महाराज साहिबोंसे तथा साध्वीजी महाराज साहिबोंसे विनंती पुर्वक देश मालवाका सकल संघमंदिराम्नायवाले अर्ज करते है कि इदरमें श्री मक्षीपार्श्वनाथजीका तथा शामलीयाजीका (जहां कि भाद्रवाशुद २ का स्थंभोंमेंसे दूध व पानी झरताहै) बडे तीर्थ है अपूर्व यात्रा है. जरूर करके आप साहिब यात्रार्थ पधारेंगें इस देशमें मतमतांतर सिंघाडे संबंधी कुछ विषवाद है नहीं. क्षेत्र अच्छाहै वास्ते संकल्प विकल्प दूर करके इदर विचरणेसें अत्यंत लाभ स्व पर जीवकों होगा. गुजरातसें इदर विहार करनेमें कोई २ अगवडके मुकाम आतेहैं उन मुकामोंसे नीचे ठेकाणे श्रावकोंसें खबर दिलवाना. इदरके संघ तरफसे सत्वर बंदोबस्त होजायगा. संघ भक्ती करनेको उजमाल हो रहाहै. और प्लेगका उपद्रव अब इदरमें है नहीं. एज अर्ज.

श्री जैन श्वेतांबर संघ.
सं. १९६० पौशशुक्ल ३ ठी. बाबासाहिबके मंदिरमें थावरीआबजार
रतलाम.

## પુસ્તકોની પહોંચ.

जैन ग्रंथ रत्नाकर–રત્ન ૧ લાના ખંડ ૧-૨ જેમાં દિગંબરી કવીવર ભૈયા ભગવતીદાસ કૃત બ્રહ્મવિલાસ ગ્રંથ પર્વાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધ થઇને પૃષ્ટ ૩૭૪ માં પૂર્ણ આપેલો છે અને જેની કિંમત રૂ૧॥– તથા રૂ૧॥≈ રાખેલી છે તેની એકેક પ્રત જૈન ગ્રંથ રત્નાકર કાર્યાલયમાંથી પન્નાલાલ જૈન મેનેજરે ભેટ દાખલ મોકલાવી છે તે સ્વીકારીએ છીએ. આ ગ્રંથ અનેક વિષયોપર હિંદુસ્થાની ભાષામાં પદ્યાત્મક રચના કરેલી છે. વાંચવા લાયક છે અને કેટલીએક હકીકત બહુ સારી રીતે પ્રતિપાદન કરેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश

दोहरो.
मनु जन्म पामी करी, करवा ज्ञान विकाश;
नेह युक्त चित्ते करी, वांचो जैन प्रकाश.

पुस्तक १९ मुं. शाके १८२५. सं. १९६० माह. अंक ११ मो.

## देवतत्वाष्टक.

( हरिगीत. )

नथी पक्षपात न द्वेष लेशज वीरने वीष्नु विषे,
ब्रह्मा महेश्वर शक्ति आदि अनंत शक्ति तुं दीसे;
भय शोक रोग वियोग राग न द्वेष ने नहीं काम छे,
परमार्थ जेथी पामीए ते देवने परणाम छे. १
परिपूर्ण गुण पाम्या प्रभु दुर कर्या दोष तमाम छे,
जे पूरण ब्रह्मने परम ज्योती शुद्ध आत्माराम छे;
नथी नामथी कांइ काम जगत अनेक जेना नाम छे,
परमार्थ जेथी पामीए ते देवने परणाम छे. २
निष्कलंक निरुपम निर्विकारी कोटि करुण धाम छे,
कल्याणकारी दुरितहारी सर्वना सुख धाम छे;
जे कोप कोइपर करे नहीं सच्चिदानंद स्वाम छे,
परमार्थ जेथी पामीए ते देवने परणाम छे.
वैकुंठ के कैलासमां शुभ स्थानमां नीज ठाम छे,
होये गमे त्यां तोय पण मुज हृदयमां विश्राम छे;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરૂષોત્તમ પરમાતમા રહીમાનને વળી રામ છે,
પરમાર્થ જેથી પામીએ તે દેવને પરણામ છે. ૪
જે અસુર દાનવ દૈત્યરૂપી મોહ મત્સર મારતા,
તારે ઉગારે સર્વને અંતર અરિ સંહારતા;
સર્વજ્ઞ સર્વેશ્વર વિભૂ ચિદ રૂપ જે અભિરામ છે,
પરમાર્થ જેથી પામીએ તે દેવને પરણામ છે. ૫
મતભેદ માથાકુટ તજ ભજ સર્વ સદ્ગુણવાનને,
જે ભકતવત્સળ તાત ત્રીભુવન નાથ શ્રી ભગવાન છે;
અવિનાશી અલખ અચળ સજ્જન ચિત્ત વલ્લભ સ્યામ છે,
પરમાર્થ જેથી પામીએ તે દેવને પરણામ છે. ૬
એકાગ્ર ધ્યાને બંધ ત્રુટે સકળ સિદ્ધિ સંપદા,
સર્વે મનોરથ સિદ્ધ થાએ આત્મગુણ પામે યદા;
લોભી નથી નહીં લાલચુ શુભ સંત ચિત્ત આરામ છે,
પરમાર્થ જેથી પામીએ તે દેવને પરણામ છે. ૭
ઋષિ મુનિ સાધુ સંત સમરણ ધ્યાનથી જેનું કરે,
તે દેવનો પણ દેવ છે સંતાપ સૌના જે હરે;
રૂડા ઝવેર રચેલ આઠે છંદથી ગુણ ગ્રામ છે.
પરમાર્થ જેથી પામીએ તે દેવને પરણામ છે. ૮

---

# जीर्ण पुस्तकोद्धार.

## ( શા. કુંવરજી આણંદજીએ બીજી જૈનકોન્ફરન્સમાં આપેલું ભાષણ. )

મેહેરબાન પ્રેસીડેન્ટ સાહેબ ! તસ્દી લઇને અત્રે પધારેલા જૈનવર્ગના આગેવાન બંધુઓ ! ડેલીગેટ્સો ! ગૃહસ્થો ! અને બેહેનો. !

આજે આપણે એક મહાન્ કાર્ય માટે ભેળા થયા છીએ જેને માટે ગઇ કાલથી આપણે પ્રારંભ કરેલો છે. પ્રમુખ સાહેબના ભાષણ ઉ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરથી આપ સાહેબોને આપણે ભેગા થવાના મુખ્ય કારણના સંબંધમાં શું શું કરવાની આવશ્યકતા છે તેનું ભાન થયેલું છે. અને તેના પ્રારંભમાં જીર્ણ પુસ્તકોદ્ધારના વિષયપર ચર્ચા ચલાવી તે સંબંધી ખાસ કરવા યોગ્ય હોય તે કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે સાથે સબ્જેક્ટ કમીટી તરફથી પ્રારંભના વિષયપર મને બોલવાને ફરમાન થયેલું છે. તે ઉપરથી મારી અલ્પ બુદ્ધિ પ્રમાણે તે સંબધમાં આપણે જે કાંઇ કરવાની ખાસ આવશ્યકતા છે તે સમજાવવાનું મારૂં કામ છે.

પ્રથમ તો અનેક દેશોથી આવા આપણા જૈન વર્ગના આગેવાન જૈનબંધુઓને અત્રે પધારેલા જોઇ મારૂં હૃદય હર્ષવડે ઉભરાઈ જાય છે. અને તેથી તે હર્ષ બતાવ્યા શિવાય હું રહી શકતો નથી. આવા મેળાવડા માટે જે કાંઇ ખર્ચ કરવામાં આવે તે આવા ગુણવાન, વિદ્વાન, બુદ્ધિમાન અને શ્રીમાન્ જૈનબંધુઓના પરસ્પરના મેળાપના, સદ્વિચારોની વેહેંચણના અને તેથી વધતા જૈનબંધુઓના લાભરૂપ વૃક્ષના બીજના પ્રમાણમાં કાંઇ પણ ગણત્રીમાં નથી એમ મારૂં હૃદય સાક્ષી પૂરે છે. આશા રાખું છું કે આપ સાહેબો પણ એક અવાજે તે બાબતમાં મારા મતને મળતા થશો.

હવે મને આપેલા વિષય ઉપર હું જાઉં છું. બીજા બધા વિષય કરતાં જીર્ણ પુસ્તકોદ્ધારના વિષયને અગ્રપદ આપવામાં આવ્યું છે, તેનું કારણ એ છે કે આ પંચમ કાળમાં આપણે આધાર માત્ર જિન પ્રતિમા અને જિનવાણીનો છે. તે જિનવાણી અનેક શાસ્ત્રોમાં અક્ષર રૂપે બિરાજમાન થયેલી છે. તેના કહેનારા તરીકે પ્રથમપદે પૂજ્ય શ્રી તીર્થંકર મહારાજા છે પરંતુ સ્થાપના નિક્ષેપા તરીકે તેમની પ્રતિમાઓ સર્વત્ર સુલભ્ય છે. જેથી સર્વત્ર તેમની ભક્તિ બની શકે છે. પરંતુ તેમની વાણીને માગધી યા સંસ્કૃત ભાષા રૂપે પૂર્વાચાર્ય મહારાજાઓએ સૂત્ર, પંચાંગી, તેમજ અનેક ગ્રંથો, પ્રકરણોને ચરિત્રોમાં ગુંથેલી છે. અને જે વાણી તે તીર્થંકર ભગવાનને ઓળખવાને માટે પરમ સાધન રૂપ છે. અને તેમના અપરિમિત ગુણોનું ભાન કરાવનારી છે. તે વાણીને પ્રદર્શિત કરનાર અક્ષર રૂપે લખાયેલા શાસ્ત્રો આધુનિક સમયમાં અલભ્ય થઇ પડયા છે. તેથી તેની શોધ કરીને તેનું સંરક્ષણ કરવાની પ્રથમપદે આવશ્યકતા આપણે સૌ સ્વીકારીએ છીએ-તેજ કારણથી આ વિષયને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. હાલમાં શ્રી મહાવીર ભગવંતનું શાસન વર્ત્તે છે. તેમના ગણધરોએ તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાર પછીના મહા ધુરંધર આચાર્યોએ પણ જે સિદ્ધાંતો અને ગ્રંથો રચેલાં છે તે વાંચવા જેટલી શક્તિ પણ હાલમાં આપણે ધરાવતા નથી. **કળીકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે** પોતાની ૮૪ વર્ષ જેટલી ટુંકી જીંદગીમાં બીજા અનેક શાસનોન્નતિના કાર્યો કરવા, ઉપરાંત સાડા ત્રણક્રોડ શ્લોકનો રચના કરી છે. તેમાંથી હાલ માત્ર બે ચાર લાખ શ્લોક જેટલા ગ્રંથો પણ પૂરા લભ્ય નથી. **શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજા** કે જેમણે ૧૪૪૪ ગ્રંથો રચેલાં છે. તેમાંથી અત્યારે પૂરા ૧૦૦ ગ્રંથો પણ મળી શકતા નથી અને **શ્રી ઉમાસ્વાતિ વાચક મહારાજા** કે જેમણે ૫૦૦ ગ્રંથો રચેલાં છે તેમાંથી પૂરા પાંચ ગ્રંથો પણ મળવા મુશ્કેલ જણાય છે એટલુંજ નહીં પણ **શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાય** કે જેઓ સુમારે ૨૦૦ વર્ષ ઉપરજ થઇ ગયા છે અને જેમણે ન્યાયના ૧૦૦ ગ્રંથો બનારસમાં રચીને **ન્યાય વિશારદનું** ઉપનામ મેળવેલું છે, જેમણે તે શિવાય બીજા ૧૦૦ ગ્રંથો રચેલાં છે તેમાંથી અત્યારે અર્ધા પણ મળી શકતા નથી. આ થોડા ખેદની વાત નથી. માબાપ તરફનો વારસો મેળવવાને માટે પુત્ર અનેક પ્રકારના પ્રયાસ કરે છે. તો આપણા ધર્મપિતા જે તીર્થંકર ગણધર તથા આચાર્ય મહારાજાઓ તેમણે આપણને આપેલો અમૂલ્ય વારસો કે જે પૂર્વોક્ત વારસાની જેવો વિનાશી તેમજ અનર્થભૂત-વળી ઇહ લોકમાંજ કાર્ય સાધક નથી પણ આ લોક પરલોકમાં હીતતો કરનારો, અવિનશ્વર, અને પરમ ઐશ્વર્યભૂત છે, તેની સંભાળને માટે, તેના રક્ષણને માટે પણ આપણે જ્યારે બેદરકાર રહીએ ત્યારે આપણા જેવા કુપુત્ર કોણ? આ વાત ખરેખર વિચાર કરવા યોગ્ય છે અને તે પ્રશ્ન આપણે આપણા આત્માનેજ પુછવા યોગ્ય છે. આ વારસો એટલો બધો અમૂલ્ય છે કે તેને માટે જેટલુ કરીએ તેટલું થોડું છે. હવેના વખતમાં એવા મહાપુરૂષો થવાનો સંભવ નથી કે જે આપણને પૂર્વની ખોટ પૂરી પાડી શકે. માટે આપણે ગમે તેટલા પ્રયાસે આપણા પુસ્તકોરૂપ અમૂલ્ય વારસાને સંભાળી રાખવાને તત્પર થવું જોઇએ.

અગાઉના મુસલમાની રાજ્યકર્તાઓના વખતમાં આપણી એ અપૂર્વ દોલત તેઓ લૂંટી ન જાય, વિનાશ કરી ન નાંખે, તેટલા માટે તેને એવી રીતે ગોપવી રાખવામાં આવતી હતી કે જેનો પત્તો પણ તેમને મળી શકે નહીં. પણ અત્યારે નામદાર બ્રીટીશ સરકારના ઇન્સાફી રાજ્યમાં સર્વે ધર્મવાળાઓને સરખું છુટાપણું મળી શકે છે અને ધર્મ શાસ્ત્રના સંબંધમાં આપણને બીલકુલ ફીકરમંદ થવાનું કારણ નથી તેવા વખતમાં પણ જો આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વે સ્વીકારેલી રીતિનેજ વળગી રહેશું તે તે રીતી હાલતે આપણને ખાસ નુકશાનકર્ત્તાજ નીવડે તેમ છે, કારણ કે વર્ષોના વર્ષો સુધી ગોંધી રાખેલા પુસ્તકો શર્દીના તેમજ ઉદેહી વિગેરેના ભોગ થઇ પડીને તેના રક્ષણનો માર્ગ ઉલટો તેના ભક્ષણરૂપ થઇ પડશે. દરેક બાબતમાં સમયાનુકુળ વર્ત્તવું તેજ સુજ્ઞ જનોનું લક્ષણ હોય છે તો આ સમયને અનુકુળપણે વર્ત્તવા માટે આપણે તેવા ભંડારો જાહેરમાં મુકી તેવા ભંડારોમાં રહેલાં પુસ્તકોને સારા રક્ષણ સાથે સારા પુસ્તકાલયોમાં ગોઠવી તેની ટીપ, નોંધ યા લીષ્ટ વિસ્તાર સાથે તૈયાર કરાવી સર્વની જાણ માટે છપાવીને પ્રસિદ્ધ કરવું જોઇએ.

એવા એવા ગુપ્ત ભંડારોના તેમજ જાહેરમાં આવેલા ભંડારોના જેઓ કબજેદાર હોય છે તેઓની સ્થિતિ અજ્ઞાનતાની પ્રબળતાથી એવી થઇ પડી છે કે તેઓ તેને સારી સ્થિતિમાં મુકી શકતા નથી અને તેમાં રહેલાં અપૂર્વ ગ્રંથો જેના લખાવનારે તેનો ઉપયોગ કરીને અનેક ભવ્યજીવો પોતાના આત્માનો ઉદ્ધાર કરશે એમ માનેલું તેની માન્યતા બાજુપર રહીને તેને કેદખાનેજ રાખવામાં આવે છે, આ તેઓની ભૂલ આપણે તેમને સમજાવવી ઘટે છે, તેઓ પોતાની સમજણ પ્રમાણે કામ કરે છે. તેથી તેમાં તેમની એટલી ભૂલ નથી કે જેટલી આપણે તે ભંડારોમાં રહેલા અપૂર્વ પુસ્તકોને કેવી રીતે ઉપયોગી કરવા, વિનાશમાંથી બચાવવા વિગેરે જાણતા છતાં કાંઇ પણ ન કરીએ તો તેની ભૂલ છે અને તેમાં આપણી ભૂલજ વધારે ગણાય તેમ છે. આ બાબતમાં એક નાનું સરખું દષ્ટાંત આપની પાસે કહી બતાવું છું જે ઉપરથી કોની ભૂલ વધારે ગણાય તેનો આપ સાહેબોને ખ્યાલ આવશે.

એક ભરવાડની પાસે એક વાણીઆનો એક રૂપીઓ લેણો હતો. બહુ વખત ઉઘરાણી કર્યા છતાં ભરવાડ તેનો રૂપીઓ આપતો નહીં. એક વખત ઉઘરાણીએ આવતાં વાણીઆની નજરે એક બકરીના ગળામાં બાંધેલો ચકચકીત પથ્થર પડ્યો. વાણીઆએ બેચાર આનામાં જો આ પથ્થર આપે તો તે છોકરાને રમવા થશે, અથવા તેનું તોલું થશે, એમ વિચારી તેની માગણી કરી. ભરવાડે કહ્યું કે-તમારા રૂપીઆમાં એ પથ્થર લઇ જાઓ પછી મારે કાંઇ લેવું દેવું નહી.

વાણીઆએ પહેલાં તો જીકર કરી પણ પછી જાણ્યું કે અંતે જ્યારે આ ભરવાડ કાંઇ આપતોજ નથી ત્યારે જે મળ્યું તે ખરૂં એમ ધારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના રૂપીઆના બદલામાં પેલો પથ્થર તે લઈ આવ્યો. પછી દુકાને આવીને વિચાર્યું કે આ પથ્થર તેલદાર છે, તેથી છોકરાને રમતાં વાગી જશે માટે તેનું તોલું કરવું તેજ ઠીક છે. એમ વિચારી પોતાના લોઢાના તોલા સાથે ત્રાજવામાં નાંખી સરખાવવા લાગ્યો. તેવામાં એક ઝવેરી ત્યાંથી નીકળ્યો તેણે પેલો પથ્થર હીરો છે, એમ જાણી પેલા વાણીઆને કહ્યું કે આ પથ્થર વેચવો છે? વાણીઆએ હા પાડતાં કીંમત પુછી, વાણીઆએ કહ્યું એક રૂપીઓ બેઠો છે, અને તેના બે લેવા છે. પેલા ઝવેરીએ કાંઇક ઓછું લેવાનું કહ્યું એટલે વાણીઆએ કાંઇક ચેતીને કહ્યું કે હવે તો પાંચ રૂપીઆ લેવા છે. પેલો ઝવેરી બે અઢી રૂપીઆ લેવાનું કહેવા લાગ્યો. એવામાં કોઇ બીજો ઝવેરી નીકળ્યો, તેણે પેલો પથ્થર કીંમતી જાણી લેવા ઇચ્છા કરી. પણ એક ઘરાક ઉપર જવું ઠીક નહીં એમ જાણી સામી દુકાને પેલા ઝવેરીની જવાની રાહ જોતો બેઠો. પ્રથમના ઝવેરીએ વિચાર્યું કે જરા આઘો જઇશ તો આ વાણીઓ ઓછામાં આપી દેશે, એમ ધારી જરા આઘો ગયો એટલે બીજો ઝવેરી જે સામી દુકાને બેઠો હતો તેણે આવી વાણીઆને પુછયું કે શું છે? વાણીઆએ કહ્યું કે આ પથ્થર વેચવાનો છે, તે પેલો શેઠીઓ બે અઢી રૂપીએ માંગે છે મારે પાંચ લેવા છે બીજા ઝવેરીએ તરતજ પાંચ રૂપીઆ રોકડા આપ્યા. એટલે પેલે વાણીએ પથરો આપી દીધો. અને તે ઝવેરી જરા પણ ત્યાં ન રોકાતાં રસ્તે પડી ગયો. પહેલો ઝવેરી દૂર ગયા છતાં વાણીઆએ ન બોલાવવાથી પાછો વળ્યો, અને પેલો પથરો ત્રણ રૂપીઆ સુધી આપવા કહ્યું, વાણીઓ બોલ્યો કે તમે લીધો! લીધો. એનો પાંચ રૂપીએ લઇ ગયો! ઝવેરીએ પૂછયું કે-કોણ લઇ ગયો? વાણીઆએ કહ્યું કે તમારો ઝવેરીજ લઇ ગયો. પેલા ઝવેરીએ કહ્યું કે અરે મુર્ખા! લાખ રૂપીઆનો હીરો તેં પાંચ રૂપીઆમાં આપી દીધો. વાણીઓ બોલ્યો કે મુર્ખ તે તું કે મુર્ખ હું? લાખ રૂપીઆની કીંમત હું તો જાણતો નહોતો. મારે તો એક રૂપીઆના પાંચ રૂપીઆ ઉપજવાથી મેં તો આપ્યો પણ તું લાખ રૂપીઆની કીંમત જાણતો હતો છતાં અઢી રૂપીઆ અને પાંચ રૂપીઆના વાંધામાં લાખનો હીરો ખોયો, માટે ખરેખરો મુર્ખ તો તું છે. આ દ્રષ્ટાંત ઉપરથી આપણે સાર લેવાનો એ છે કે-જેઓ એ પુસ્તક ભંડારોના કબજેદાર છે તેઓ તો તેનું મૂલ્યવાનપણું તેમજ ઉપયોગીપણું ખરી રીતે જાણતા નથી તેથી તે તો તેને છુપાવે અથવા વિનાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામવા દે, પણ આપણે તેનું મુલ્ય અને ઉપયોગીપણું જાણતા છતાં જો તેને મેળવવા તેમજ જાળવવા માટે પૂરતો પ્રયત્ન ન કરીએ તો ખરેખરા આપણે મુર્ખ કહેવાઇએ. માટે જ્યાં જ્યાં એવા ભંડારો હોય ત્યાં ત્યાં ખાસ માણસોને મોકલીને અથવા જાતે જઇને તેના કબજેદારોને સમજાવી, મોટા ભાઈ કરી, આજીજી કરી, વગસગ લગાડી, કોઇપણ પ્રકારે તેમના પુસ્તકો બહાર કઢાવવાં, તેનો નોંધ કરાવવો, નવો વિનાશ ન થાય તેવી સ્થિતિમાં મુકવા, તાત્કાળીક વિનાશ પામવાની સ્થિતિમાં હોય તેની નકલો સારા લહીયાઓ પાસે કરાવી સારા પંડિતો રાખી શુદ્ધ કરાવીને તેને જુદા જુદા ભંડારોમાં મુકવી. અને ખાસ વિશેષ ઉપયોગી હોવાથી વધારે નકલોની જરૂરવાળા વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર કે ન્યાય વિગેરેના ગ્રંથો હોય તે યોગ્ય સાવચેતીથી છપાવવા.

છપાવવાના સંબંધમાં જો કે બે મત છે તોપણ ખાસ ઉપયોગી ગ્રંથો મૂળ, ટીકા કે ભાષાંતર સહીત ખાસ વિદ્વાન સાધુઓની પાસે શુદ્ધ કરાવીને અથવા શુદ્ધતાનું સર્ટીફીકેટ મેળવીને સારા ટકાઉ કાગળ ઉપર ઉંચી જાતની શાહીથી—પ્રૂફ વિગેરેની આશાતના ન થાય તેવી રીતે છપાવવામાં આવે અને તેને મજબુત બાઈંડીંગથી બંધાવવામાં આવે તો છપાવવાની વિરૂદ્ધ વિચારવાળાઓ પણ તેમાં સંમત થઇ જાય.

આ પ્રમાણે દરેક જાતનો પ્રયત્ન કરવા માટે એક સારા ફંડની આવશ્યકતા છે કારણ કે દ્રવ્યની સહાય વિના કોઇ પણ કામ બની શકતું નથી. આવા કાર્યમાં દ્રવ્યનો વ્યય કરવો એજ ખરેખર લાભકારક છે.માટે હું આશા રાખું છું કે આપણા શ્રીમાન્ શેઠીઆઓ આ વિષય ઉપર પોતાનું લક્ષ આપશે. જો આપણે આ કાર્યમાં બનતો પ્રયત્ન છતી શક્તિએ તન, મન, ધનથી કરવામાં કસુર કરશું તો આપણને વિર્યાંતરાયનો બંધ પડશે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે તે સાથે જ્ઞાનદ્રવ્ય તે ખાસ જ્ઞાન નિમિત્તનું દ્રવ્યજ નહીં પણ તેના મૂલ્યવાન પુસ્તકો તે પણ જ્ઞાન દ્રવ્યજ છે. તેથી જો તેનો વિનાશ થતાં ઉપેક્ષા કરશું તો આપણને જ્ઞાન દ્રવ્યના ભક્ષિત ઉપેક્ષિતરૂપ દર્શનાચાર સંબંધી દોષ પણ લાગશે.

આ વિષયમાં કહેવાનું ઘણું છે પરંતુ મને ટાઇમ માત્ર ૨૦ મિનિટનો આપવામાં આવેલો હોવાથી મને સોંપવામાં આવેલી દરખાસ્ત આપસાહેબ સમિપે રજુ કરી મારૂં ભાષણ સમાપ્ત કરવાની પરવાનગી માગુછું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાત, મારવાડ, દક્ષિણ, આદિ દેશોમાં જુદે જુદે સ્થળે પરમોપગારી મહાન્ પૂર્વાચાર્યોએ રચેલાં શાસ્ત્ર ગ્રંથના આપણા જ્ઞાન ભંડારો છે જે દિન પ્રતિદિન જીર્ણાવસ્થાને પામતા જાય છે તેથી કરીને તે અનુપમ શાસ્ત્ર ગ્રંથોની થતી આશાતના દુર કરવા માટે તથા તેમના સંરક્ષણાર્થે તે ભંડારોની ટીપ તથા તેનો જીર્ણોદ્ધાર બનતી ત્વરાએ કરવાની આવશ્યકતા આ કોન્ફરન્સ સ્વિકારે છે.

આ દરખારતને કેટલાએક વકતાઓ તરફથી અનુમોદન મળ્યાબાદ તે સર્વાનુમતે પસાર થઇ હતી.

# પ્રબોધ.

(અનુસંધાન પૃષ્ટ ૨૩૬ થી.)

ઉકત લાભથી વધારે મોટો લાભ પણ જ્ઞાનથી થાય છે. આ લાભ જો કે આડકતરી રીતે થાય છે તોપણ તે બહુ અગત્યનો છે. કારણ કે મોક્ષ પ્રાપ્તિમાં તે પણ સાધન રૂપ છે. જૈન શાસનમાં સ્પષ્ટ ફરમાન છે કે 'સુદેવ ગુરૂ અને ધર્મપર શુદ્ધ શ્રદ્ધા તે સમ્યકત્વ અને સમ્યક્ત્વ વગર મોક્ષ પ્રાપ્તિ થતી નથી' (સમ્યકત્વ સંબંધી હકીકત બહુ અગત્યની છે તે અત્ર બહુ વિસ્તારથી લખી શકાય તેમ નથી. પ્રસંગે તેપર એક જુદો વિષય લખાશે.) સર્વ જીવોનું નિશાન મોક્ષ મેળવવા ઉપરજ છે અને તેથી મોક્ષ મેળવવાના ઉપાય તરફ પૂરતું ધ્યાન આપવું જોઇએ. ઉપર કહ્યું તેમ અઢાર દુષણ રહિત **દેવ**, પંચ મહાવ્રત ધારક **ગુરૂ** અને આપ્ત પ્રણીત પરસ્પર વિરોધ રહિત **ધર્મ** ઉપર દૃઢ શ્રદ્ધા થાય છે ત્યારે સમ્યકત્વ થાય છે. આ **શ્રદ્ધા** જેમની તેમ કાયમ બની રહે-સ્થિર રહે, તો **મોક્ષ** સન્મુખ થતું જાય છે અને શ્રદ્ધાને સ્થિર રાખવામાં જ્ઞાનજ બળવાન છે. અલ્પજ્ઞ પ્રાણીને શ્રદ્ધા થતી નથી અને કદાચ થાય તો અલ્પ કાળમાં તે શ્રદ્ધાભ્રષ્ટ થાય છે. માટે મોક્ષ મેળવવા માટે જ્ઞાન ગુણની પ્રથમ પદે આવશ્યકતા છે. **શ્રી પદ્મ વિજયજી મહારાજ નવપદજીની પૂજા**માં કહે છે કે;—

**શ્રદ્ધા પણ થીરતો રહેરે, જો નવ તત્ત્વ વિનાણરે;**
**ભવિકજન ! નાણ પદારાધન કરોરે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી આથી એક પગલું વધારે ભરીએ તો શાસ્ત્રમાં ત્યાં સુધી કહ્યું છે કે–
'जीवाइ नव पयत्थे, जो जाणइ तस्स होइ संम्मत' नवतत्त्व.
'જીવ અજીવ વિગેરે નવ તત્ત્વો જાણે તેને સમ્યકત્વ હોય છે.'

વ્યવહારથી પણ જ્ઞાનનો ઉપયોગ બહુ છે. જ્ઞાનથી આખી દુનિયા આપણા જાણવામાં આવી જાય છે. અલ્પજ્ઞ પ્રાણી પોતાના સમીપ રહેલી વસ્તુજ સમજી શકે છે અને તે પણ બહુ ઉપર ટપકેથીજ સમજે છે; ત્યારે જ્ઞાની ભુત ભવિષ્ય વર્તમાન સંબંધી સર્વ હકીકત પોતાની સમીપથી તે ચૌદ રાજલોક પર્યંત સવિશેષપણે જાણી શકે છે, જોઇ શકે છે, સમજી શકે છે, તેપર વિચાર ચલાવી શકે છે અને તે અનુસાર પોતાનું કર્તવ્ય પાલન કરી શકે છે. વળી જ્ઞાનથી વ્યાવહારિક અનેક લાભ છે તે ગણાવવાની જરૂર નથી. આ પ્રસંગે એટલું લખવું બસ છે કે જ્ઞાનની મહત્ત્વતા જૈન શાસ્ત્રકારો બહુ ઉંચી હદપર લઇ જાય છે. જૈન શાસ્ત્રમાં **'અહિંસા પરમો ધર્મ'** એ પ્રસિદ્ધ સૂત્ર છે. અહિંસા ઉપર જૈનશાસ્ત્રનું મંડાણ છે અને અહિંસા ઉપર આપણા શાસ્ત્રવેત્તાઓએ તથા જ્ઞાનીઓએ બહુ ધ્યાન આપ્યું છે એ પ્રસિદ્ધ વાત છે. જીવદયા આટલી ઉપયોગી છે છતાં **શ્રી દશવૈકાલિક સૂત્રમાં** पढमं नाणं तओदया **'પ્રથમ જ્ઞાન અને પછી દયા'** એવું સૂત્ર છે. આ હકીકત સહેતુક છે. જ્ઞાની વિવેકીની દયા બહુ ઉંચા પ્રકારની હોય છે. આ સૂત્ર જ્ઞાનની મહત્વતા બતાવવા માટે પૂરતું છે.

જ્ઞાનની મહત્વતા જાણ્યા પછી તેને મેળવવાનાં સાધનો તરફ વિચાર કરતાં આધુનિક સ્થિતિપર લક્ષ્ય રાખીને આ વિષયપર વિચાર કરવો પ્રાસંગિક છે. જ્ઞાનની વૃદ્ધિ માટે વિચાર કરતાં કેળવણીનો વિષય પકડવો જોઇએ. સાંસારિક સ્કૂલોમાં અપાતી કેળવણી પણ જ્ઞાનનુંજ અંગ છે અને ઇંગ્લિશ કેળવણી એ પણ જ્ઞાન છે. સંસ્કૃત કેળવણીથી પણ ધાર્મિક વિષયો તરફ ધ્યાન ખેંચાય છે તેમજ આ સર્વ પ્રકારની કેળવણી યોગ્ય પાત્રમાં યોગ્ય સમયે અને યોગ્ય રીતે આપવામાં આવી હોય તો બહુ લાભ કરે છે. મુખ્ય મુદ્દા તરફ લક્ષ્ય રાખી આ બાબતપર વિચાર કરવામાં આવ્યો છે.

**ઇંગ્લિશ કેળવણી**—હાલમાં આપણા માથે અંગ્રેજોનું રાજ્ય પ્રબળ પણે વર્તે છે. આપણા દુઃખો બતાવવા માટે, ન્યાય મેળવવા માટે, તેઓનાં વિચારો જાણવા માટે, રાજ્યદ્વારી લાગ વગ વધારવા માટે, કોમની સામાન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદાત્તતા કરવા માટે, માનસિક બળમાં વધારો કરવા માટે અને છેવટ બીજી સરખી કોમની સપાટી ઉપર સાથે રહેવા માટે અને આપણી કોમની હયાતી માટે અંગ્રેજી અભ્યાસ કરવાની અને થયો હોય તેમાં વધારો કરવાની ખાસ જરૂર છે. ઘણી ખરો ભાષાના ઉત્તમ ગ્રંથોનાં તરજુમા અંગ્રેજીમાં થયેલા છે, ઘણા સંસ્કૃત ગ્રંથોના તરજુમા પણ તે ભાષામાં થયેલા છે; જેથી જ્ઞાન મેળવવામાં[1] પણ તે ભાષા ઉપયોગી થઇ પડે છે, આ ઉપરાંત સાહિત્ય તત્વજ્ઞાન, ખગોળ વિદ્યા, ભુસ્તર વિદ્યા, ગણિત, ન્યાય, કોષ, ઇતિહાસ, વિગેરે વિગેરે અનેક વિષયોનાં અત્યાર સુધીમાં નીકળેલા ગ્રંથો પૈકી ઘણાનો અભ્યાસ આ ભાષાદ્વારા થઇ શકે છે. અંગ્રેજી ભાષાનું પોતાનુ સાહિત્ય બહુ વિસ્તીર્ણ છે. વળી રાજભાષા હોવાથી તે જાણવાની પૂરેપૂરી અગત્ય છે. આવા અનેક કારણોથી ભાષાજ્ઞાન સંબંધની જરૂરીઆત સર્વે કોઇ સ્વીકારશે.

**આક્ષેપ અને નિરાકરણ**—ભાષા જ્ઞાનની જરૂરીઆત સ્વીકાર્યા છતાં કોઇ કોઇવાર તે જાણનારા ઉપર અને તેથી કરીને કોઇ કોઇ વાર ખુદ ભાષા ઉપર આક્ષેપ લઇ જવામાં આવે છે. ભાષાપરનો આક્ષેપ ટુંક વિચારથી જન્મ પામેલો છે આ આક્ષેપને નિઃસાર ગણી પસાર કરી દીધો હોત પણ કેટલીકવાર સમજુઓ પણ તેજ બાબતમાં ઉતરી જાય છે તેથી જરા તેની નોંધ લેવી આવસ્યક છે. કેટલીકવાર એમ કહેવામાં આવે છે કે અંગ્રેજી ભણનારા નાસ્તિક થઇ જાય છે. વિચાર કરતાં જણાશે કે આ બાબતમાં ઇંગ્લિશ ભાષા કોઇ પણ પ્રકારે દોષ પાત્ર નથી. ભાષા તો માણસને ચોકસ રીતે વિચાર કરતાં શિખવે છે; અને અંગ્રેજી ભાષાથી જો મગજપર કાંઇ પણ અસર થતી હોય તો એક એવી છે કે વસ્તુ વિચારીને ગ્રહણ કરવી, સમજીને ગ્રહણ કરવી આવી રીતે ઇંગ્લિશ ભાષાતો ન્યાય પૂર્વક વિચાર કરતાં શિખવે છે. ત્યારે દોષ કોનો? દોષ માતપિતા અથવા વડિલ વર્ગનો છે. નાનપણમાં સંસ્કાર પાડતી વખતેજ જો ધર્મનાં બી રોપવામાં આવ્યાં હોય તો તેવાં ફળ મળે છે. પણ હાલ તો પાંચ વરસની કાચી ઉમરે અભ્યાસ શરૂ થાય છે. ઉમ્મરના પ્રમાણમાં ન ઉચકી શકાય એવા સખ્ત બોજા તળે કચડાતું બાળક મહા મુશ્કેલીથી પોતાનો ઐહિક અભ્યાસ પૂર્ણ કરે છે પણ તે વખતે ધાર્મિક અભ્યાસ કરવાની ફુરસદ મળી શકતી નથી. મા બાપ

1 ધાર્મિક ભાષા ન વાપરતાં હવે વ્યવહારના શબ્દોજ વાપરવામાં આવ્યાછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતે કેળવણી લીધેલા ન હોવાથી તથા સ્વાર્થ તરફ વિશેષ ધ્યાન હોવાથી આ બાબત તરફ ધ્યાન આપતાં નથી. આથી કેટલાકની પ્રવૃત્તિ ધર્મ વિરૂદ્ધ દેખાય છે તેના કારણમાં ધાર્મિક કેળવણીની ગેરહાજરી, તે ન આપવામાં વડિલોની બેદરકારી, અને પાત્રની અપૂર્ણતા છે. પણ તેમાં ભાષાનો દોષ કાઢવો તે ભૂલ ભરેલું છે.

આ આક્ષેપનો પ્રસંગ પ્રાપ્ત થવાનું એક બીજું પણ કારણ છે, ઈંગ્લિશ કેળવણીથી મનપર કાંઇક એવી અસર થાય છે કે દરેક વાત સમજીને ગ્રહણ કરવી. આની સયેજ વિરૂદ્ધ બનાવ એ બન્યો છે કે લોકો ભણેલાઓ ઉપર અશ્રદ્ધાનો આરોપ લાગ્યા કરે છે. શાસ્ત્રની વાતો વાંચવા સાંભળવાના તો અનેક પ્રસંગો બને છે અને તેથી થાય છે એમ કે કોઇ ભણેલાને શંકા પડે તો પણ માનભંગ અથવા આક્ષેપના ભયથી શંકાનો નિર્ણય કરાવી શકતો નથી; અને આવી શંકાયુકત સ્થિતિમાં તે નિરંતર રહ્યા કરેછે. એક શંકા અનેક શંકાનું કારણ થાયછે અને તેથી શ્રદ્ધા ભ્રષ્ટ થવાય છે. ભણનારાઓમાં આ એક માનસિક નબળાઇ છે. તેઓએ અભ્યાસ કરી નિર્ણય કરવો જોઇએ અને માન ભંગ તરફ ધ્યાન ન આપવું જોઇએ. આ બાબતમાં ભાષાનો દોષ હોય એમ તો કોઇ પણ રીતે લાગતું નથી. માત્ર ભણનારાઓએ માનસિક હિંમતમાં વધારો કરવો જોઇએ, અને શંકાનું નિવારણ કરવા યોગ્ય માણસ પાસે તેનું નિરાકરણ કરવું જોઇએ.

આ મોટો આક્ષેપ છે. આ શિવાય બીજા સામાન્ય આક્ષેપો પણ લાવવામાં આવે છે પણ તે સર્વમાં ભણનારાઓ અને ભાષા એ બંનેનો ગુંચવાડો કરી નાંખવામાં આવે છે. પાત્ર ભેદે વિપર્યાસ થાય તેમાં ક્ષિપ્ત પદાર્થનો જરા પણ દોષ નથી. ઉંચામાં ઉંચુ જ્ઞાન ધરાવનાર જ્યારે પડે છે ત્યારે તેમાં કર્મનોજ દોષ કાઢવામાં આવે છે, જ્ઞાનનો હોય નહિં. કોઇમાં આક્ષેપ કરનાર, કોઇમાં પાત્ર અને કોઇમાં અજ્ઞાનતા દોષભૂત હોય છે. આ બાબતપર વિચાર કરવાની જરૂર છે. એક જવાબદાર ગણાતા આગેવાનના કડવા શબ્દોથી ઘણા માણસો કેળવણીથી બેનસીબ રહે એવા બનાવો બન્યા છે માટે આવી બાબતમાં દીર્ઘ વિચાર કરી પોતાનો અભિપ્રાય આપવો. જ્યાં સુધી અભિપ્રાય આપવા યોગ્ય સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મધ્યસ્થ રહેવું.

**આપણી પછાતતા**–આ રાજ્યદ્વારી ભાષાના વિદ્યાભ્યાસમાં આ અપણી જૈનકોમ બહુજ પછાત છે. બીજી કોમની સાથે સરખાવતાં આપણી કોમમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇંગ્લિશ ભણેલાઓની સંખ્યા બહુ ઓછી છે, ગ્રેજ્યુએટોની સંખ્યા તો બહુજ ઓછી છે અને સારી લાગવગ ધરાવતી જગોપર જૈન છેજ નહિ. પૈસે ટકે સુખી ગણાતી આપણી કોમમાં આ સ્થિતિ બહુજ ખેદારપદ છે. વ્યાપારી કોમમાં આ બનાવ બનવા જોગ છે પણ અત્યારની સ્થિતિ જોતાં તો વ્યાપારમાં પણ ભાષા જ્ઞાનની પૂરી જરૂર છે અને તેથી ચાલુ સ્થિતિમાં રહેવા માટે પણ ઇંગ્લિશ કેળવણીની ખાસ જરૂર છે. કેળવણી અને વ્યાપારને કશો વિરોધ નથી. કેળવાયલો માણસ વ્યાપારમાં સારો લાભ મેળવવા ઉપરાંત જીંદગી પણ શાન્ત રીતે ગાળી શકે છે. વ્યાપારી જીવન અભ્યાસથી સુગંધીત હોય તો તેની મજા ઓરજ આવે છે.

સામાન્ય રીતે કોમ તરીકે મુસલમાનો કેળવણીમાં પછાત ગણાય છે. પણ મને તો જૈનો તેથી પણ પછાત હોય એમ લાગે છે. તેઓ ચાર વરસથી કેળવણી સંબંધી પ્રાંતિક મેળાવડા કરે છે અને ઘણા મુસલમાનો ઉંચી જગાઓ ભોગવે છે. હાઇકોર્ટના જજનો મોટો ઓધો ભોગવવાને પણ મુસલમાનો શક્તિવાન થયા છે ત્યારે આપણી કોમમાં ડીસ્ટ્રીકટ જડજ જેવો હોદ્દો ધરાવનાર એક પણ નથી.

**મદદની જરૂર**—ચાલુ કેળવણીની પદ્ધતિ બહુ ખરચાળ છે. કોલેજમાં અભ્યાસ કરવા માટે મદદની બહુ જરૂર પડે છે. પુસ્તકો અને ફીમાં મોટી રકમ ચાલી જાય છે, વળી પરદેશમાં રહેવાનો ખરચ પણ બહુ ભારે પડે છે. આવાં અનેક કારણોથી સારી મદદ હોય તોજ અભ્યાસ થઇ શકે છે. માટે પૈસાદારોએ પોતાનો હાથ લંબાવવો જોઇએ. દુઃખ એ છે કે મોજ શોખમાં જીંદગી ગાળનાર પૈસાદારના પુત્રો અભ્યાસ કરતા નથી, અભ્યાસ કરવાની દરકાર કરતા નથી અને ગરીબ માણસો અભ્યાસ કરી શકતા નથી કારણ કે તેઓ ખરચનો બોજો ઉપાડી શકતા નથી. આથી બહુ થોડા માણસો અભ્યાસમાં આગળ વધી શકે છે. સેંકડે બહુ તો પાંચ ટકા પૈસાદાર હોય છે જ્યારે બાકીના ૯૫ ટકા તો ગરીબજ હોય છે. પૈસાદારો ધારે તો ગરીબને નિભાવી શકે અને એક ગ્રહસ્થ જો એકજ જણને સંપૂર્ણ કેળવણી અપાવે તો બહુ માણસો નીકળી આવે. વળી આવી રીતે બહાર નીકળેલા માણસ પોતાની આગલી સ્થિતિ યાદ લાવી પોતાની કોમના ગરીબો તરફ ધ્યાન આપેજ આપે, અને આ રીતે વિદ્વાનોની પરંપરા ચાલી આવે. બીજી કોમના આગેવાનો ખાનગી રીતે કેટલું કરે છે તે જો આપણા ભાગ્યશાળીઓ જુએ તો પોતાનું કર્તવ્ય તુરત સમજે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જૈન કોલેજ અને બોર્ડીંગઃ—** અલબત, જૈનોમાં સખાવત તો થાય છે તેમાં શક નથી. પન્નાલાલબાબુએ કાઢેલી રકમ પૈકી એક સારી રકમ જૈન હાઇસ્કૂલ બનાવવા માટે કાઢવામાં આવનાર છે. આની ઉપયોગીતા શું છે તે ઉપર સ્વતંત્ર લેખ લખવો જોઇએ. અત્ર પ્રસંગે જરા લખવામાં આવ્યું છે. જૈન હાઇસ્કૂલમાં કેળવણી લેનાર વિદ્યાર્થીને ધાર્મિક કેળવણી આપવાની હોવાથી તેને ધાર્મિક લક્ષ્ય રહે તે સ્વાભાવિક છે. આ ખાતું સાધારણ રીતે ઠીક છે પણ આવા ખાતાની આપણે હાલ જરૂર નહોતી, હાલમાં મુંબઇમાં ઘણી હાઇસ્કૂલો છે અને તેથી તેમાં વધારો કરવાની જરૂર નથી. અભ્યાસ કરનારાઓને અગવડ પડે છે તે સાધનોની પડે છે. જો બોર્ડીંગ કરીને તેમાં સર્વ પ્રકારની સગવડ કરવામાં આવે, પ્રત્યેક અભ્યાસીને ખાવાનું, ફી અને પુસ્તકો આપવામાં આવે તો તેઓ બહુ સારી રીતે અભ્યાસ કરી શકે. અભ્યાસીઓને બોર્ડીંગમાં ધાર્મિક શિક્ષણ મળે અને જે અભ્યાસીઓ પોતાને ખરચે રહેવા માંગતા હોય તેઓ પણ તેમાં રહી શકે એવી ગોઠવણ કરેલી હોય તો સર્વ જૈન અભ્યાસીઓમાં ભ્રાતૃભાવ વધે અને વિચારો પણ સુધરે. વળી એકત્ર હીલચાલ આવા ખાતાથી થઇ શકે. આવી બોર્ડીંગ મુંબઇમાં હોવાની બહુજ જરૂર છે. ધર્મ તરફ વલણ તો પછી રહેશેજ માટે જો હાઇસ્કૂલ અને બોર્ડીંગ વચ્ચે પસંદગી કરવાની હોય તો પૈસાનો વ્યય આ બીજા ખાતામાં કરવાથી ખરચનારની નેમ વધારે સારી રીતે જળવાશે એમાં જરા પણ શક નથી. ઉપર જણાવ્યું તેમ હાલમાં પૈસાના સાધનોની ગેરહાજરી છે. ઘણા અનુભવીઓ બોર્ડીંગની જરૂરીઆત સ્વીકારે છે. કોલેજમાં અભ્યાસ કરનારાને સર્વ પ્રકારનો ખરચ આપવો હોય તો તે રૂ.૨૦૦) થી વધારે થતો નથી અને દશ હજારની વાર્ષિક રકમ ખરચવી હોય તો ૫૦ વિદ્યાર્થી એક સાથે અભ્યાસ કરી શકે અને બીજા પૈસાપાત્ર માણસો પોતાની પાસેથી વ્યય કરી ભણે તો થોડા વખતમાં આપણી કોમ સપાટી ઉપર આવી જાય.

જૈન કોન્ફરન્સની હીલચાલ મજબૂત કરવા માટે કેળવાયલો વર્ગ વધારવાની બહુ જરૂર છે. જૈન કોન્ફરન્સ એ કેળવણીનોજ પ્રતાપ છે અને તે પાયાને મજબૂત રાખવોજ જોઇએ. વ્યાવહારિક કેળવણીનું ફંડ આવી બોર્ડીંગ કરવામાં વાપરવામાં આવે તો સર્વ પ્રકારની ઇચ્છા પાર પડે. આનું ફળ દશ વરસમાં બતાવી શકાય. આવી બાબતમાં અનુભવીઓનો મત છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાની પણ પૂરેપૂરી જરૂર છે. કોન્ફરન્સમાં જો કોઇ પણ વિષય બહુ સારી રીતે ચર્ચાવાની જરૂર હોય તો પ્રથમ પદે કેળવણીજ આવે છે અને તેના ઉપરજ ભવિષ્યનો મોટો આધાર છે. માટે આ બાબતમાં સત્વર પગલાં ભરવાં જોઇએ એવી આવશ્યકતા બતાવવી એ ઉચિત છે. ઘણા ભણ્યા છે એમ કહેવું આપણી કોમ માટે તદ્દન બેહુદું છે. હજુ આ વિષયમાં આપણી કોમે બહુ થોડો વધારો કર્યો છે. આ બાબતમાં નવી નવી યોજનાઓ તૈયાર કરી કેળવણી આગળ વધારવાની પ્રત્યેક જૈનની પ્રથમ ફરજ છે

અપૂર્ણ.

મોતીચંદ ગીરધર કાપડીઆ. બી, એ. એલ્. એલ્ બી.

## મી. મોતીચંદ ગીરધરલાલને માનપત્ર આપવા માટે માહા શુદ ૭ મે મેળવેલા જાહેર મેળાવડાનો હેવાલ.

**મી. મોતીચંદ ગીરધરલાલે** હાલમાં બી. એ. એલ. એલ બી. ની પરીક્ષા પસાર કરી તેઓ અમારી (**શ્રી જૈનધર્મ પ્રસારક**) સભાના સભાસદ હોવાથી તે પ્રસંગની ખુશાલીમાં સભા તરફથી માહશુદિ ૭ મે લોઢીપોશાળના ઉપાશ્રયને નામે ઓળખાતા મકાનમાં જાહેર મેળાવડો કરવામાં આવ્યો હતો. કેટલાએક અમલદારો, કોલેજના પ્રોફેસરો, હાઇસ્કુલના માસ્તરો, ગ્રેજ્યુએટો તથા વેપારી વર્ગને લેખી આમંત્રણ મોકલવામાં આવ્યા હતા. પ્રમુખ સ્થાન લેવાનુ હાઇસ્કુલના હેડમાસ્તર અને કોલેજના પ્રીન્સીપાલ **જમસેદજી નવરોજજી ઉનવાળાએ** સ્વીકાર્યું હતું માનપત્ર ઉંચી જાતના કાગળ ઉપર સુવર્ણમય છપાવીને તૈયાર કરવામાં આવ્યું હતું અને તે મુકવા માટે એક ચાંદીનો વર્તુલ ડાબલો સુશોભિત તૈયાર કરાવવામાં આવ્યો હ ।.

બપોરના બરાબર એક કલાકે પ્રમુખ સાહેબ પધાર્યા હતા **વોરા અમરચંદ જસરાજની** દરખાસ્તથી અને **વોરા હઠીશંઘ ઝવેરે** તેને ટેકો આપવાથી તેઓ સાહેબે પ્રમુખ સ્થાન લીધા બા પ્રસંગને અનુસરતું એક ટુંકું ભાષણ કર્યું હતું. ત્યારબાદ પ્રમુખ સાહેબની આજ્ઞા મેળવીને અમારી સભાના મંત્રી **અમરચંદ ઘેલાભાઇએ** તૈયાર કરવામાં આવેલું માનપત્ર વાંચી સંભળાવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ॐ नमः सिद्धं ॥

# ( માનપત્ર. )

સદ્‌ગુણસંપન્ન ધર્મબંધુ–

## મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.

બી. એ. એ.લ્ એલ્. બી.

અમો જૈનધર્મ પ્રસારક સભાના સભાસદો તમારા અભ્યુદયને નિરંતર ઇચ્છતા હોવાથી હાલમાં તમે પ્રાપ્ત કરેલા અભ્યુદયને જાણી હર્ષના અત્યુદ્રેકપણાથી આ લઘુ માનપત્ર તમને અત્યંત આનંદપૂર્વક અર્પણ કરીએ છીએ.

તમે ગર્ભશ્રીમંત હોવા છતાં બીજા કોઇ પણ દુર્વ્યસનમાં નહીં ફસાતાં માત્ર વિદ્યાવિલાસી થઇ લઘુ વયથી અદ્યાપિ પર્યંત એક વખત પણ નિષ્ફળતા મેળવ્યા શિવાય અપરિમિત પ્રયત્નવડે બી. એ. એલ. એલ. બી. ની માનવંતી ડીગ્રી પદવી હાલમાં મેળવી છે કે જેવી ડીગ્રી અદ્યાપિ પર્યંત આપણા ભાવનગર નિવાસી શ્રાવક સમુદાયમાં કોઇપણ વિદ્યાસાધક યુવાને મેળવી નથી. તમે પ્રથમજ એવી ડીગ્રી મેળવવાને ભાગ્યશાળી થયા છો તેથી અમારા અંતઃકરણ આનંદથી પ્રફુલ્લિત થયા છે.

વિનય, સુશીલતા, સતતઅભ્યાસ, ધર્મશ્રદ્ધા અને શ્રાવકયોગ્ય ધર્મકાર્યમાં તત્પરતા-એ વાગેરે તમારા ઉત્તમ સદ્‌ગુણોથી આકર્ષાઇને આગળ ઉપર તમે તે કરતાં પણ વધારે ગુણોના ભાજન થાઓ એવી ઇચ્છાથી આ માનપત્ર એનાયત કરવામાં આવે છે.

લક્ષ્મી અને સરસ્વતી તેમજ ઇંગ્રેજી વિદ્યા સાથે ધર્મશ્રદ્ધાનો લોકપ્રવાહમાં કહેવાતો દુર્ઘટ સંબંધ તમારામાં પ્રત્યક્ષ ઘટમાન્ થયેલો જોઇ અમારા હૃદય વિકસ્વર થાય છે.

તમે આ સભાના સભાસદ છો અને સભાપ્રત્યે સારી લાગણી ધરાવો છો તોપણ હવે પછી આવી સારી સ્થિતિ પ્રાપ્ત કરી સભાના દરેક કાર્યમાં મદદ આપી સભાના દરેક ઉદ્દેશને પરિપૂર્ણ કરી સભાને આથી પણ ઉન્નત સ્થિતિએ પહોચાડશો એવી આશા રાખીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેવટે પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ કે તમે દિવસાનુદિવસ વિશેષ અભ્યુદય મેળવો, તમારી દરેક નેમમાં ફતેહ પામો, જૈન કોમનું હિત થાય તેવાં કાર્યો કરો, અને વિદ્યાદેવીના પ્રતાપથી તમે સંપત્તિવાન્ થઇ બીજા આપણા જૈન બંધુઓને તમારા જેવી વિદ્યાદેવીની પ્રસાદી પ્રાપ્ત કરાવવામાં સાધનભૂત થાઓ. સંવત ૧૯૬૭ ના માઘ સુદિ ૭ સૂર્યવાર.

લી.

અમે છીએ તમારા હિતેચ્છુ.

જૈનધર્મ પ્રસારક સભાના સભાસદો.

માનપત્ર વંચાઇ રહ્યા બાદ પ્રમુખ સાહેબે રૂપાના ડાબડામાં મુકી ઘણા આનંદી, મધુર તેમજ ફરજ સૂચવનારા શબ્દો સાથે મી. મોતીચંદને અર્પણ કર્યું હતું.

તેનો સ્વીકાર કરીને મી. મોતીચંદ ઉત્સાહ ભરેલા શબ્દોમાં તેનો ઉત્તર આપ્યો હતો. તેની અંદર આવા અત્યંત માનને માટે પોતાની અયોગ્યતા બતાવી માનપત્રમાં જણાવેલ સરસ્વતી ને લક્ષ્મીના સંબંધને તેમજ ઇંગ્રેજી વિદ્યા સાથે ધર્મશ્રદ્ધાને યુક્તિપૂર્વક ઘટાવી હતી. તે સાથે પોતાને જૈન સમુદાયના તેમજ જૈનધર્મ પ્રસારક સભાના આભાર તળે દબાયેલ જણાવી તત્સંબંધી પોતાની ફરજ અદા કરવા માટે અંતઃકરણની લાગણી જાહેર કરી હતી. છેવટે હવે પછીના પોતાના કર્તવ્ય સંબંધે કહી બતાવવા કરતાં કરી બતાવવું શ્રેષ્ઠ જણાવી ફરીને સર્વનો આભાર માની પોતાનું સ્થાન લીધું હતું.

ત્યારબાદ અત્રેના સુપ્રસિદ્ધ શાસ્ત્રી નર્મદાશંકર દામોદરે એક રમુજી તેમજ અસરકારક ભાષણ કર્યું હતું. જેની અંદર અમારી સભા તરફનો પોતાનો લાંબા વખતનો સંબંધ જણાવી, તેની ઉન્નતિથી થયેલો હર્ષ જાહેર કરી વિદ્યાલય (યુનીવર્સીટી) માંથી ડીગ્રી મેળવીને બહાર આવતા વિદ્યાર્થીઓના બે વિભાગ પાડયા હતા. જેમાં મુખ્ય દ્વારથી નીકળેલા વિદ્યાર્થીઓની પંક્તિમાં મી. મોતીચંદને મુકયા હતા કે જેઓ ધાર્મિક હોવા સાથે પોતાની ફરજ બજાવવામાં તત્પર રહે છે અને બીજા લઘુ વામ દ્વારથી નીકળેલા વિદ્યાર્થીઓની પંક્તિ જુદી પાડી હતી કે જેઓ નાસ્તિક હોવા સાથે માત્ર પેટભરાજ દ્રવ્યોપાર્જનમાં તત્પર અને ફરજથી વિમુખ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારપછી પ્રમુખ સાહેબની ઘણા સારા શબ્દોમાં પ્રશંસા કરી હતી તે સાથે ભાવનગર સંસ્થાનમાં ખાસ કેળવણી ખાતાના પિતા તરિકે તેમને જાહેર કરી આ સઘળી તેમના પ્રયાસના ફળરૂપ પ્રસાદીજ જણાવી હતી. અને મી. મોતીચંદનો ઉત્કર્ષ ઇચ્છી પોતાનું ભાષણ સમાપ્ત કર્યું હતું.

ત્યારબાદ **પ્રોફેસર નથુભાઈ મંછાચંદ** કે જેઓ પ્રસિદ્ધ વકતા છે તેમણે ઘણું અસરકારક ભાષણ કર્યું હતું જેની અંદર જૈન કોમ્યુનીટી પ્રત્યેની પોતાની લાગણી જાહેર કરીને મી. મોતીચંદ તથા તેમના વડીલોને અભિનંદન આપ્યું હતું. જૈનવર્ગના આગેવાનોની ફરજ સમજાવી હતી અને જૈનસમુદાયની અંદર ચાલતા હાનીકારક રીવાજોનું નિકંદન કરવા ખાસ ભલામણ કરી હતી. આ ભાષણકર્તાના ભાષણે પ્રેક્ષકવર્ગના ચિત્તનું બહુજ આકર્ષણ કર્યું હતું.

ત્યારબાર અમારી સભાના પ્રમુખ **કુંવરજી આણંદજીએ** એક ટુંકુ ભાષણ કર્યું હતું જેની અંદર પ્રમુખ સાહેબે તેમજ બીજા અનેક ગૃહસ્થોએ સભામાં પધારીને જે માન આપ્યું છે તે મી. મોતીચંદને કે અમારી સભાને આપ્યું છે એટલુંજ નહી પણ ખાસ કેળવણીનેજ એ માન આપ્યું છે એમ જણાવ્યા ઉપરાંત કેળવણી, વિદ્યા અથવા જ્ઞાનવડેજ જીવની જીવસત્તા-જીવત્વ છે એમ બતાવ્યું હતું અને કેળવવાથી જડ પદાર્થો પણ સ્વાદમાં, ક્રિંનતમાં તેમજ ઉપયોગીપણામાં વૃદ્ધિ પામે છે તો મનુષ્ય પ્રાણી કેળવણી વડે કેળવાવાથી-તેનું મગજ કેળવવાથી કેમ સર્વોત્કૃષ્ટ ન થાય? અર્થાત્ થાયજ એમ સિદ્ધ કરી બતાવ્યું હતું. બાદ પ્રમુખ સાહેબ તરફથી પ્રસંગને અનુસરતું શ્રેષ્ટ ભાષણ સાંભળવાની જીજ્ઞાસા જાહેર કરીને પોતાનું ભાષણ ટુંકામાં ખતમ કર્યું હતું.

ત્યારબાદ પ્રમુખ સાહેબ **મી. ઉનવાળાએ** ઘણું સરસ લંબાણ ભાષણ કર્યું હતું. જેની અંદર અનેક બાબતોનો સમાવેશ કર્યો હતો. મી. મોતીચંદને તેની ફરજ સમજાવી હતી, જૈનવર્ગ સાથે પોતાનો લાંબો તેમજ ગાઢ સંબંધ જણાવ્યો હતો. લક્ષ્મી અને સરસ્વતીની એકત્રતાના સંબંધમાં સરસ્વતીના પ્રીતિપાત્રોની લક્ષ્મીનેજ લક્ષ્મીપણે સિદ્ધ કરી બીજાઓની લક્ષ્મી અલક્ષ્મી છે એમ સિદ્ધ કર્યું હતું તેમજ તે બંનેનો તો ગાઢ સંબધજ છે એમ જણાવી જ્યાં સરસ્વતી છે ત્યાં લક્ષ્મી સ્વતઃ આવે છે એમ બતાવ્યું હતું અને વિદ્યાશ્રીનેજ શ્રીપણે સિદ્ધ કરી હતી. ત્યારપછી કેળવણીના સંબંધમાં બીજી કેટલીએક ઉપયોગી બાબતો જણાવી છેવટે જૈન કોમના તાત્કાળીક કર્ત્તવ્ય તરિકે બે દરખાસ્તો રજુ કરી હતી. જેમાં પહેલી બ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હારગામથી આવતા વિદ્યાર્થીઓને રહેવા વિગેરેની સગવડ માટે જૈન બોર્ડીંગ સ્થાપવાની દરખાસ્ત હતી અને બીજી માગધી ભાષાનું જ્ઞાન મેળવવાની સગવડ થવા માટે સંસ્કૃત માર્ગોપદેશિકાને મંદિરાંત પ્રવેશિકાની જેવી બે બુકો તૈયાર કરાવવા સંબંધી હતી.

પ્રમુખ સાહેબનું ભાષણ ખલાસ થયા બાદ તેમણે જણાવેલી બંને દરખાસ્તને પ્રોફેસર નથુભાઇ મંછાચંદે તથા કુંવરજી આણંદજીએ અનુમોદન આપ્યું હતું. અને સભામાં પધારેલ જૈન સમુદાયના આગેવાન ગૃહસ્થોએ તે વાત ઉપાડી લીધી હતી તે ઉપરથી તરતજ જૈનબોર્ડીંગ સ્થાપવા માટે-તેના ઉપયોગ સારૂ દાદાસાહેબની વાડીમાં યોગ્ય ઠેકાણે ખાસ મકાન બાંધવા વિગરેના કાર્ય પરત્વે એક ફંડ કરવામાં આવ્યું હતું. જેમાં નીચે જણાવ્યા પ્રમાણે સુમારે બે હજાર રૂપીઆ ભરાયા હતા.

| | |
|---|---|
| **૫૦૦) શ્રી જૈનધર્મ પ્રસારક સભાના તાબામાં દાદાસાહેબની વાડી સંબંધી મી. કુંવરજી આણંદજીને સોંપેલા ફંડમાંથી.** | **૨૫) વકીલ પરભુદાસ મોતીચંદ** |
| | **૨૫) સંઘવી દામોદરદાસ નેમચંદ** |
| | **૨૫) શા. જુઠાભાઇ વાલજી** |
| | **૨૦) વોરા હરખચંદ સવચંદ** |
| **૫૦૧) શેઠ રતનજી વીરજી** | **૧૧) વકીલ મુળચંદ નથુભાઇ** |
| **૫૦૧) શા. આણંદજી પુરૂષોત્તમ** | **૧૦) હેડ માસ્તરસાહેબ જ. ન. ઉનવાળા** |
| **૧૦૧) મી. મોતીચંદ ગીરધરલાલ** | |
| **૧૦૦) વોરા અમરચંદ જસરાજ** | **૧૦) મે. રતીલાલભાઈ છોટાલાલ દેશાઇ કંટ્રોલર સાહેબ** |
| **૧૦૦) વોરા હઠીશંઘ ઝવેર** | |
| **૫૧) મી. વ્રજલાલ દીપચંદ વકીલ** | **૨) માસ્તર જાદવજીભાઇ મહાવજી ગુજરાતી સ્કૂલના હેડ માસ્તર.** |
| **૧૯૮૨** | |

પ્રો. નથુભાઈ મંછાચંદે ભાવનગરમાં એક ખેલ કરીને તેની ઉપજ બોર્ડીંગમાં આપવા કબુલ કર્યું હતું.

ઉપર પ્રમાણે ફંડ ભરાયા બાદ આગળ વધારે ભરવાનું કામ મુલતવી રાખી સદરહુ બોર્ડીંગનું મકાન બંધાવવા વિગેરે કાર્ય કરવા માટે એક કમીટી નીમવામાં આવી હતી. ત્યારબાદ બીજી બાબત હાથ ધરતાં વકીલ **મુળચંદ નથુભાઇ**એ જાહેર કર્યું હતું કે માગધી ભાષા સંબંધી જ્ઞાન મેળવવાની અનુકુળતા થવા અમે પ્રયાસ શરૂ કરેલ છે. તેની પહેલી બુકના ૨૦ પાઠો તો તૈયાર કરવામાં આવ્યા છે અને અમે થોડા વખતમાં તે કામ પૂરૂં કરવા ધારીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમુખ સાહેબે જણાવ્યુ કે એવી બુક બનાવવાનું કામ બહુ સહેલુ નથી તેથી તમારા તરફથી જે બુકો તૈયાર કરવામાં આવે તે તપાસવા માટે એક કમીટી નીમવાની આવસ્યકતા છે તે ઉપરથી નીચે જણાવેલા ગૃહસ્થોની એક કમીટી **મી.** ઉનવાળાના પ્રમુખપણા નીચે નીમવામાં આવી હતી.

**શા. નર્મદાશંકર દામોદરશાસ્ત્રી માસ્તર નાનચંદ બેહેચરદાસ બી.એ.**
**વકીલ મુળચંદ નથુભાઇ દોશી જીવરાજ ઓધવજી બી. એ.**
**શા. કુંવરજી આણંદજી કાપડીઆ મોતીચંદ ગીરધરલાલ બી. એ. એલ. એલ. બી.**
**શા. અમરચંદ ઘેલાભાઈ શા. ત્રીભુવનદાસ ઓધવજી બી.એ.**
**માસ્તર મોતીચંદ ઝવેરચંદ સોની ન્યાલચંદ લક્ષ્મીચંદ બી. એ.**

ઉપર પ્રમાણે કાર્યો કર્યા બાદ ફુલ ગોટા અને પાન સોપારી તથા માનપત્રની નકલો વહેંચાયા બાદ પ્રમુખ સાહેબનો ઉપકાર માનીને મેળાવડો બરખાસ્ત કરવામાં આવ્યો હતો.

---

# वर्त्तमान चर्चा.

**બનારસ પાઠશાળા અને શ્રી જૈનધર્મ પ્રસારક સભા :—** અમારી સભાની એક મીટીંગ પોસ શુદિ ૧૫ મે મળી હતી. તે વખતે બનારસ પાઠશાળાના ઉદ્યમ વિષે વિચાર કરવામાં આવ્યો હતો. તે પ્રસંગે આવા પ્રકારની શાળાની આવસ્યકતા છે એમ જણાયાથી સભાએ તેપર વિચાર ચલાવ્યો હતો અને છેવટે એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે પાઠશાળામાં ચાલતા અભ્યાસ સંબંધી ખાતામાં સભા તરફથી રૂ.૧૦૦) પાંચ વરસ સુધી આપવા. સભાને હાલમાં અગ્નિપ્રકોપથી મોટું નુકશાન થયેલ હોવાથી વધારે સારી રકમ આપવાની સ્થિતિમાં નથી: બાકી આવી હિલચાલને પૂરેપૂરી મદદ આપવાની જરૂર છે. સભાનું કાર્ય વ્યવસ્થા ઉપર મુકાઇ જશે ત્યારે આ સંબંધમાં ફરી વિચાર કરવામાં આવશે. સભાની આવકનો વ્યય જ્ઞાનખાતામાંજ કરી શકાય એવું છે, તેથી આ પ્રસંગે આપણા આગેવાનોને બીજા ખરચ માટે ધ્યાન આપવા ફરી એકવાર વિનંતી કરવામાં આવે છે. જૈનધર્મનું જ્ઞાન સંગીન પાયા ઉપર મુકવું હોય તો આ ખાતું પરમ સાધન છે. તે સાથે વળી આ ખાતાના વ્યવસ્થાપકોને સૂચના કરવામાં આવે છે કે એનીબીસાંટે મદ્રાસમાં ભાષણ આપતાં શાસ્ત્રી અને પં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડીનોને આધુનિક વ્યવહારનું ઉપયોગી જ્ઞાન આપવા સાથે લોક પ્રીતિપાત્ર થાય એવી કેળવણી આપવાની આવશ્યકતા બતાવી હતી તે તરફ આપણે પણ ધ્યાન આપવાની જરૂર છે. પાઠશાળામાંથી પસાર થયેલ યુવાન વ્યવહારમાં પણ કુશળતા બતાવનાર થવો જોઇએ.

**હાનિકારક રીવાજો ઉપર ભાષણ**—શ્રી જૈનધર્મ પ્રસારક સભાની એક મીટીંગ માહાશુદ ૨ ને દિવસે મળી હતી. તે પ્રસંગે મી. મોતીચંદ ગીરધર કાપડીઆએ જૈન કોમમાં હાનિકારક રિવાજો ઉપર લંબાણ ભાષણ આપ્યું હતું. તે ભાષણમાં તેઓએ સુધારા કરવા પહેલાં એ સૂત્ર ઉપર ખાસ ધ્યાન આપવાનું જણાવ્યું હતું. ક્ષેત્ર કાળ અને ભાવનો ફેરફાર ધ્યાનમાં રાખવો અને આપણા સાંસારિક બંધારણને અનુકુળ રહેવું. આ સૂત્ર ઉપર રચાયેલા સુધારા બહુસમ્મત થઇ શકે છે. બાળલગ્નથી થતી હાનીઓ, વૈદિક, શારિરીક, માનસિક અને વ્યવહારીક નજરથી બાળલગ્નથી થતાં નુકશાન, કન્યાવિક્રયથી સ્રીઓની અધમ સ્થિતિ, વિધવા વિવાહના પ્રસંગો ન આવે એવું બંધારણ કરવાની જરૂર, તેના ઉપાયમાં બાળલગ્ન વૃદ્ધ વિવાહ અને વેવીશાળના ધોરણોને બંધ કરવાની જરૂર, પલ્લાનો રિવાજ દાખલ કરવાની જરૂર, રડવા કુટવાના હાનિકારક રિવાજો, મરણ પછી જમણવાર (ઉત્તરકાર્ય) થી થતી પૈસા સંબંધી હાની, કોમની સામાન્ય સ્થિતિ, દ્વિત્રિયા નિષેધ વિગેરે બહુ વિષયો ઉપર વિવેચન કર્યું હતું. કેટલાક ગૃહસ્થોએ તે સંબંધમાં પોતાના વિચારો બતાવ્યા હતા અને ત્યારપછી પ્રમુખ મી. કુંવરજી આણંદજીએ લંબાણથી વિવેચન કર્યા બાદ સભાનું કાર્ય સમાપ્ત કરવામાં આવ્યું હતું. ભાવનગર શહેરમાં આવા વિષયોની બાબતમાં જાહેર મેળાવડા થવાની પૂરેપૂરી જરૂર છે. જ્યાં સુધી લોકોમાં વિચારની જાગૃતી નહીં થાય ત્યાં સુધી કોઇપણ પ્રકારનો સ્થાયી ફેરફાર થઈ શકતો નથી. આ સમય બહુ અગત્યનો છે અને આપણી કોમના આગેવાનોએ જાગૃતિ રાખી કોમની સેવામાં પગભર થઇ જવું જોઇએ છે, ભાષણ બહુ લંબાણ હોવાથી સ્થળ સંકોચને લીધે અમે દાખલ કરી શકતા નથી.

**સુધારાનું પ્રભાત, એક દુષ્ટ રિવાજની જીવન સંધ્યા;**—શ્રી ભાવનગરમાં એક દુષ્ટ રિવાજ જીવન સંધ્યાની સ્થિતિએ આવી ગયો છે. મરણ પછવાડે ફરજીયાત જમણવારથી આપણી જૈન કોમ બહુ દુઃખદ સ્થિતિપર આવી ગઇ છે. મુળ હેતુના જ્ઞાન વગર તદ્દન મૂર્ખાઇથી હિંદુઓ પાસેથી ગ્રહણ કરેલો આ રિવાજ કોઇ વૃદ્ધના મરણ પ્રસંગે દૂરના સગા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓના ભોજનથી શરૂ થઇ આજે આબાલવૃદ્ધ પર્યંત અનેક ફરજીયાત રીતે દાખલ થઇ ગયો છે. આ રિવાજમાં મુનિમહારાજશ્રી વૃદ્ધિચંદજીના પ્રયાસથી કેટલોક સુધારો થયો હતો હાલમાં તેઓના પગલાને અનુસરીને વોરા અમરચંદ જસરાજે પોતાના પૂજ્ય પિતાશ્રીના મરણ પાછળ જ્ઞાતિ ભોજનમાં એક દિવસનો ઘટાડો કરીને અઠ્ઠાઇ મહોત્સવમાં સારો ખર્ચ કર્યો છે. સાંસારિક બાબતને ધાર્મિકરૂપ આપવાનો આ પ્રયાસ પ્રશસ્ય છે. વળી સાંસારિક જ્ઞાતિભોજન ફરજીયાત ત્રણ દિવસ થતા હતા તે તેએ એ બે દિવસની હદમાં આણી મૂકયા છે. જ્યારે આપણા આગેવાનો આવી રીતે જ્ઞાતિના ઉદ્ધાર માટે પોતે દાખલો બેસાડશે ત્યારે અભ્યુદય નજીક આવશે. આવા રિવાજની જરાપણ જરૂર નથી. છતાં લોકસ્થિતિપર ઓછું અવલોકન કરનારા અને નાના મંડળના અભિપ્રાય ઉપર પોતાનું સુકાન ચલાવનારા શોક સમયે તદ્દન વિરોધાભાસ બતાવનારા મિષ્ટાન્ન ઉડાવે એ સમજમાં જરા પણ યોગ્ય લાગતું નથી. ઉત્તરકાર્યથી મૃતને જરાપણ લાભ થાય છે એમ આપણે માનતા નથી તેથી ધાર્મિક નજરથી પણ આ રિવાજ બંધ કરી દેવો જોઇએ. તે સાથે પૈસાનો સવાલ તો બહુજ વિચારવા જેવો છે.

**જૈન બોર્ડીંગ**—આ મહિનો ભાવનગરમાં બહુજ આનંદનો પસાર થયો છે. વર્તમાન ચર્ચાના ઘણા વિષયો ભાવનગર સબંધમાંજ આવ્યા છે. જ્યારે દિગંબરી જૈનો શ્રી મુંબઇ અને અમદાવાદમાં બોર્ડીંગ ધરાવે છે ત્યારે આપણે શ્વેતાંબરીએ આ બાબતમાં સારા પાયા ઉપર હિલચાલ કરવાની જરૂર છે, બોર્ડીંગમાં ઉંચી કેળવણી લેનાર જૈન યુવાનોને રાખવામાં આવે છે અને તેઓને ટેબલ ખુરશી લાઇટ વિગેરેની સગવડ કરી દેવામાં આવે છે. ઉંચી કેળવણીને મદદ આપી તે દ્વારા જૈન ભાઇઓને આગળ વધેલા જોવાની અભિલાષા આપણી કોમના આગેવાનોમાં જાગૃત થઇ છે. આપણે બહુ મોડા જાગ્યા છીએ છતાં પણ હજુ બહુ કરવાનું છે. આપણી કોમ એક પણ ઓનરેબલ કે એક પણ કોરપોરેટર ધરાવતી નથી એ બહુ શોકાસ્પદ અને નીચું જોવરાવનારૂં છે. આવી સ્થિતિ છે ત્યારે આપણે કેળવણીને મદદ આપવી જોઇએ એ તદ્દન જરૂરનુ છે, બોર્ડીંગથી કેળવણીને મદદ મળવા ઉપરાંત તેનો લાભ લેનાર પોતાની જૈન તરીકેની ફરજ સમજે છે. ભાવનગરમાં કોલેજ છે અને તેથી અત્ર બોર્ડીંગની જરૂર હતી. બીજી બાજુએ પ્રગટ થયેલા સમાચાર ઉપરથી જણાશે કે શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફથી બોલાવેલી મીટીંગમાં માસ્તર જમસેદજી નવરોજજી ઉનવાળા

For Private And Personal Use Only

એમ. એ ની પ્રેરણાથી એક સારૂ ફંડ બોર્ડીંગ બાંધવા સારૂ એકઠું કરવામાં આવ્યું છે. આ સંબંધમાં અમારે કહેવાનું એટલુંજ છે કે દદાસાહેબની જગ્યા બોર્ડીંગ માટે બહુ સારી છે ત્યાં રહેવાથી દેરાસરનો લાભ જૈન વિદ્યાર્થીઓને મળશે અને હવા પાણી પણ અનુકુળ આવશે. શ્રી સંઘના આગેવાનો આ કાર્ય ઉપાડી લઇ ભવિષ્યની જૈનપ્રજાનો આશિર્વાદ લેશે એવી પૂરે પૂરી આશા છે. વળી બીજા શહેર જેવા કે અમદાવાદ, વડોદરા વિગેરેના આગેવાનો પણ જૈનબોર્ડીંગ કરવાની જરૂર પીછાની હાલ તુરત ફ્રી બોર્ડીંગ ન બને તો મુકામ વિગેરેની સગવડ કરી આપી જૈન વિદ્યાર્થીઓમાં તત્ત્વજ્ઞાન અને પરસ્પર પ્રેમ વધે એવા કાર્યને મદદ આપશે.

# वर्त्तमान समाचार.

**વોરા અમરચંદ જસરાજે તેમના પિતાશ્રી પાછળ કરેલો ધર્માદા.**—ભાવનગર જૈન સમુદાયના આગેવાન **વોરા જસરાજ સુરચંદના** સિદ્ધક્ષેત્ર ( પાલીતાણા ) માં માગશર વદિ ૧૦ મે થયેલા ખેદકારક મૃત્યુ પછી તેમની ઉત્તર ક્રિયાને પ્રસંગે તેમના સુપુત્ર **વોરા અમરચંદ ભાઇએ** નીચે જણાવેલી રકમ જ્ઞાતિ વર્ગની સમક્ષ ધર્માદા તરિકે અર્પણ કરી હતી.

- ૫૦૦ ) જૈન નિરાશ્રીત બંધુઓને મદદ આપવામાં-( આ કાર્ય સારૂ એક ખાસ કમીટી નીમીને તેની યોગ્ય વ્યવસ્થા કરવાની પોતાની ઇચ્છા જણાવી હતી )
- ૪૦૦ ) શ્રી સિદ્ધાચળની છ ગાઉની પ્રદક્ષિણાને દિવસે ( ફાગણ સુદિ ૧૩ શે ) સિદ્ધવડે વ્યાજમાં યાત્રાળુઓની ભક્તિ કરવા સંબંધી ખર્ચ કરવામાં.
- ૧૦૦ ) મરણ તિથિએ વ્યાજમાંથી આંગી કરાવવામાં
- ૧૦૦ ) ભાવનગર પાંજરાપોળમાં.
- ૫૧ ) શ્રી બનારસ જૈન પાઠશાળામાં.
- ૨૧ ) સાતક્ષેત્રમાં
- ૨૦ ) ઉત્તર કાર્યને દિવસે માછીની જાળ છેડાવવામાં તથા રાંકા લોકોને જમાડવામાં.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૫) મુનિરાજશ્રી વૃદ્ધિચંદજી જૈનશાળામાં.**

**૧૫) ઉજમબાઇ જૈન કન્યાશાળામાં.**

ઉપર જણાવ્યા શિવાય મૃત્યુને દિવસે શ્રી પાલીતાણામાં પણ શુભ નિમિત્તે સારો વ્યય કર્યો હતો આવા ઉત્તમ કાર્યનું દ્રવ્યવાન જૈનબંધુઓ એ ખાસ અનુકરણ કરવું યોગ્ય છે.

**
*

**શ્રી ભાવનગર જૈન કન્યાશાળામાં ઇનામનો મેળાવડો**—ગયા પોસ વદિ ૭ ને સોમવારે શ્રી ભાવનગરમાં જૈન કન્યાશાળામાં અભ્યાસ કરતી બાળાઓને ઈનામ આપવાનો મેળાવડો **શેઠ નારણજી ભાણાભાઇ** ના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. તે પ્રસંગે શ્રી અમદાવાદની જૈન કન્યાશાળાના સુપરવાઇઝર **શા હીરાચંદ કકલભાઇ** તથા **પ્રોફેસર નથુભાઇ મંછાચંદ** વિગેરે બહારગામના કેટલાએક ગૃહસ્થો પણ પધાર્યા હત. કન્યાઓની પરિક્ષા પ્રથમ લેવડાવવામાં આવી હતી અને તેમાં મેળવેલા માર્કના પ્રમાણમાં આ ઇનામ આપવામાં આવ્યું હતું. ત્રણ કલાસમાં થઇને ૧૨૫ કન્યાઓને ૩૫૧ ) નું ઇનામ **શેઠ નગીનદાસ કપુરચંદ ઝવેરી મુંબઇવાળા** તરફથી આપવામાં આવ્યું હતું અને ત્રણ શિક્ષકોને ત્રણ વસ્ત્ર કન્યાશાળા તરફથી આપવામાં આવ્યા હતા. કન્યાઓએ પોતા નો અભ્યાસ ટુંકામાં બતાવીને તેમજ મનોરંજક નીતિ સંબંધી ગાયનો ગાઇને સભાજનોને પ્રસન્ન કર્યા હતા. તે પ્રસંગે સદરહુ કન્યાશાળાનો વાર્ષીક રીપોર્ટ પણ વાંચી સંભળાવામાં આવ્યો હતો. ત્યારબાદ કન્યાઓના આનંદ વચ્ચે મેળાવડો બરખાસ્ત થયો હતો.

**
*

**શ્રી વળામાં પ્રતિષ્ઠામહોત્સવ**—માહા સુદિ ૧૨ શુક્રવારે **શ્રીવળા** કે જે અસલ **વલ્લભીપુર**ને ઠેકાણે વસેલું છે, ત્યાં શ્રી સંઘે એક ઘણું સુંદર નવું દેરાસર બંધાવ્યું છે તેમાં પ્રભાતના મદ્રાસ ૧૦ કલાકે **શ્રી પાર્શ્વનાથજી**ની પ્રતિષ્ટા ઘણા મહોત્સવ સાથે કરવામાં આવી છે. પ્રતિષ્ટા કરાવનાર **પન્યાસ શ્રી ગંભીરવિજયજી** તથા **પન્યાસ શ્રી નેમવિજયજી** હતા. શ્રાવક તરિકે ક્રિયા કરાવવા માટે **શ્રી છાણીથી** શ્રાવક **જમનાદાસ હીરાચંદ** આવેલા હતા. મૂળનાયકજીના બિંબ **મેતા કલ્યાણજી નરસોદાસે** પધરાવ્યા છે. નકરા વિગેરેની ઉપજ દેરાસરજીમાં સાત આઠ હજાર રૂપીઆની થઇ છે. મહોચ્છવ સારો થયો છે. ત્યાંના દરબાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીએ દરેક વખત ત્યાં પધારીને શ્રાવક વર્ગને સારૂં ઉત્તેજન આપ્યું છે. શુદિ ૧૨ શે બપોરે **શાંતિસ્નાત્ર** ભણાવવામાં આવ્યું છે અને સુદિ ૧૪ શે **અષ્ટોત્તરી સ્નાત્ર** ભણાવવામાં આવ્યું છે. પ્રતિષ્ટાને દિવસે **મહેતા કુટુંબ** તરફથી નવકારશી કરવામાં આવી છે અને શુદિ ૧૫ મે **શ્રી સુરત** વાળા **ઝવેરી દેવચંદ લાલભાઇ** તરફથી નવકારશી કરવામાં આવી છે. પ્રતિષ્ટાના પ્રસંગ ઉપર બહાર ગામથી પુષ્કળ માણસો આવ્યું હતું અને સર્વત્ર આનંદ વર્ત્યો હતો.

**
*

**શ્રી ધ્રાંગધ્રામાં પ્રતિષ્ટા**—મહા શુદિ ૧૫ સોમવારે શ્રીધ્રાંગધ્રામાં **શ્રી અજિતનાથજી**ની પુનઃપ્રતિષ્ટા કરવામાં આવી છે. પ્રથમ પ્રતિષ્ટા થયા બાદ આસન નમી જવાથી અને તપાસ કરતાં દૃષ્ટિ મેળ બરાબર ન હોવાથી ફરીને પ્રતિષ્ટા કરવી પડી છે. મૂળનાયકજી સાથે બીજા બે બિંબ ત્યાંજ અને ૯ બિંબ તથા ૧ ચૌમુખ દેરાસરજી ઉપર બે દેરીઓમાં સ્થાપવામાં આવ્યા છે. તેમજ **શ્રીસંભવનાથજી**ના દેરાસરમાં ડેલી ઉપરના ભાગમાં એક દેરીમાં **શ્રી પાર્શ્વનાથજી**ના બિંબ પધરાવવામાં આવ્યા છે. વિધિ વિધાન કરાવવા **શેઠ છોટાલાલ લલુભાઇ** વિગેરે અમદાવાદથી આવ્યા હતા. **મુનિરાજ શ્રી મણીવિજયજી** પણ પધાર્યા હતા. મહોચ્છવ સારો થયો છે દેરાસરજીમાં રૂ ૨૦૦૦) લગ ભગ ઉપજ થઇ છે ત્યાંના રાજાસાહેબ બહાર ગામ હતા તે ખાસ આ નિમિત્તે ત્યાં પધાર્યા હતા અને રૂ.૨૦૦) શ્રી સંઘને મહોચ્છવ ખાતે આપ્યા હતા.

**
*

**શ્રીપાલીના સમાચાર**—શ્રીપાલી જીલ્લે જોધપુરથી ખબર મળ્યા છે કે, ત્યાં બાવીશ ટોળા ( ઢુંઢીઆ ) માંથી **અમરસિંહજી**ના સમુદાયના ચાર સાધુઓએ **મુનિરાજ શ્રી પ્રમોદ વિજયજી**ની પાસે ઢુંઢક પણું ત્યજી દઇને માહ શુદિ ૨ જે ચારિત્ર ગ્રહણ કર્યું છે. ઢુંઢક પણામાં **લક્ષ્મીચંદજી, પન્નાલાલજી, ઉગ્રસેનજી** અને **હરિદ્વારીલાલજી** નામ હતા તેમના સંવેગી પણામાં **મુનિ ચંદ્રવિજયજી, મુનિ રાજેંદ્ર વિજયજી, મુનિ લાલ વિજયજી** અને **મુનિ તિલક વિજયજી** નામ રાખવામાં આવ્યા છે શાસ્ત્રોના આધારો તથા યુકિતઓ વડે જિનમંદિર અને જિનપ્રતિમાની સિદ્ધિ મુનિરાજ શ્રી પ્રમોદ વિજયજીએ કરી બતાવ્યાથી તેમને ખરી હકીકત સમજાયાને લીધે ઢુંઢક પણું તજી દીધું છે. તેમનુ અનુકરણ કરીને બીજાઓએ પણ ખરી હકીકત સમજાય એટલે પ્રથમ ગ્રહણ કરેલ અસત્ય માર્ગ તજી દેવો ઘટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જાહેર ખબર.

(મુનિ મહારાજાઓને યોગ્ય સૂચના.)

પોતાના શોખ તરીકે વૈદકનો અભ્યાસ કરી નાના પ્રકારની ઉંચી ઉંચા દવાઓ બનાવી હરકોઇ વર્ગના માણસને ધર્માદા તરિકે આપતો હોવાથી મુનિ અમરવિજયજી વાસ્તે જરૂર પડતાં મને રખા ગામે બોલાવવામાં આવ્યો હતો. મારાથી બનતા પ્રયાસે તેમનો વ્યાધી દુર કરી બે માસ તક સેવા કરી હતી ત્યારથી મારૂં મન મુનિરાજની સેવા તરફ વધારે લાગેલું છે તેથી જો કોઇ મુનિરાજ પોતાના વ્યાધિની વિગત લખી મોકલશે તેને હું તરતજ તેને માટે યોગ્ય દવા મારે ખર્ચે મોકલાવીશ.

શા. માણેકચંદજી રાજમલજી.
રાહુરી. જીલા અહમદનગર.

---

## જાહેર ખબર.

( આંખના દરદીઓને અમુલ્ય તક. )

(મુનિરાજ તથા સાધ્વી માટે મફત.)

અક્ષુરૂપી રત્નને જાળવવું એજ દુનીયામાં મોટી દોલત છે. શરીરે સુખી તેજ ખરો સુખી કહેવાય છે, ને શરીરનો આધાર ચક્ષુ ઉપર છે. તેથી આગળ ઉપર ચસ્માની જરૂર ન પડે હમેશાં આંખ સાફ રહે અને તેજી વધે તેને માટે "શુદ્ધ સાચા મોતીનો સુરમો" કાળો, સફેત, અથવા લાલ ત્રણે રંગનો પણ એક સરખા ગુણવાળો અમે બનાવેલો છે તે જોઇએ તેણે મંગાવવો. તેની કિમ્મત નંબર ૧ લાના તોલા ૧ ના રૂ. ૪) અને નંબર બીજાના તોલા૧ ના રૂ.૨) પોસ્ટ ખર્ચ જુદું પરદેશવાળાને વેલ્યુપેબલથી મોકલશું. આ દવાથી ઘણા ફાયદા થાય છે. ઘણા માણસોને ફાયદા થયેલા છે તેના સર્ટીફીકેટો અમારી પાસે મોજુદ છે.

ત્રણે જાતનો સુરમો બનાવનાર તથા વેચનાર
શેઠ ત્રીભોવનદાસ હઠીશંગ.
જામનગર—કાઠીયાવાડ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈનમત સમીક્ષા ને આર્યસમાજ.

આર્ય સમાજના એક પંજાબી ઉપદેશક શંભુદત્ત શર્માએ જૈન મત સમીક્ષા’ નામની એક બુક છપાવીને બહાર પાડી છે. આ બુકમાં જૈનધર્મના સંબંધમાં એટલું બધું અશ્લીલ અને અનુચિત લખાણ કર્યું છે કે જેવું સભ્યજનના મુખમાંથી નીકળી પણ શકે નહીં. ખાસ જૈનધર્મીઓની લાગણી દુઃખાવવા માટેજ કાર્ય કર્યું હોય એમ ભાસ થાય છે. લખાણની કનીષ્ટતા વર્ણવી શકાય એમ નથી. આ બાબત યોગ્ય ઉપાય લેવા માટે આખા હિંદુસ્થાનની જૈન કોમ જાગૃત થઇ ગઇ છે, ચારે બાજુ પોકાર થઇ રહ્યો છે. પંજાબ, દીલ્હી, કલકત્તા, અમદાવાદ, મુંબઇ, સુરત વિગેરે તરફથી પંજાબના લેફટેનેન્ટ ગવર્નર સાહેબ તરફ એ બાબતની યોગ્ય દાદ મેળવવા અરજીઓ ગઇ છે. મુંબઇથી ધી જૈન એસોશીએશન ઓફ ઇંડીયા તરફથી પણ એક અરજી મોકલાવી છે. અત્રેનો સંઘ પણ સદરહુ કાર્ય નિમિત્તે એકઠો મળ્યો હતો અને એક અરજી મોકલવાનો ઠરાવ કર્યો છે અરજી તૈયાર પણ થઇ છે, એકાદ દિવસમાં રવાના થશે. આવા જૈનધર્મના પૂર્ણ દ્વેષીઓને યોગ્ય શિક્ષા મળે તેવો પ્રયત્ન કરવામાં કોઇ પણ જૈન બંધુઓએ પ્રમાદ કરવો ન જોઇએ.

લવાજમની પહોચ આવતા અંકમાં આપશું.

For Private And Personal Use Only